# મોડાસાના શ્રીરામ કિરાણા સ્ટોરમાંથી બાળ મજૂર મળી આવ્યો

મોડાસા, તા. ૧૭

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા બાળમજૂરી નાબુદ કરવા માટે અનેક પ્રયત્નો કરવા છતાં ગુજરાત રાજ્યમાં બાળમજૂરી અટકાવવામાં નિષ્ફળ રહ્યું છે. અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના માર્કેટયાર્ડમાં આવેલી એક કિરાણા સ્ટોર્સમાંથી ગેરકાયદેસર રીતે બાળમજૂરી કરાવતા કિરાણા સ્ટોર્સના માલિક સામે જિલ્લા સરકારી શ્રમ અધિકારી દ્વારા પોલીસ ફરીયાદ કરાતા બાળમજૂર રાખતા દુકાનદારોમાં ફફડાટ વ્યાપ્યો છે.

મોડાસા શહેરના માર્કેટયાર્ડમાં આવેલી શ્રીરામ પ્રોવિઝન કિરણા સ્ટોર્સમાં આજે બપોરે ૩ વાગ્યાની આસપાસ જિલ્લા સરકારી શ્રમ અધિકારી દિનેશભાઈ આર. પરમાર અને તેમની ટીમે ઓચિંતી રેઈડ કરતાં દુકાનમાલિક શાહ જુગલ કિશોર રેણુમલ (રહે. અમરદીપ સોસાયટી, બંગલા નં. ૩૨) દ્વારા તેમની દુકાનમાં બાળમજૂર તરીકે મજૂરી કરાવતા સંજય જસવંતસિંહ ચૌહાણ (ઉં.વ.૧૬ વર્ષ) રહે. ઘુલ્ગાવાડા પોસ્ટ પહાડપુર તા. મોડાસા મળી આવતા જિલ્લાશ્રમ અધિકારીએ દુકાન માલિક સામે ગેરકાયદેસર રીતે બાળમજૂરી કરાવવાના ગુન્હા હેઠળ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવી બાળકને ચાઈલ્ડ કેર હિંમતનગર ખાતે મોકલી આપવામાં આવ્યો હતો.

# તલોદ નાગરિક સહકારી બેંકના હોદ્દેદારો વરાયા

## ચેરમેન પદે વિપુલ ગાંધી, વા.ચેરમેન પદે જયેશ શાહની નિયુકિત

તલોદ, તા.૧૭

તલોદ નાગરિક સહકારી બેંકના બોર્ડ ઓફ ડિરેકટર્સની ચૂંટણી બાદ ચૂંટાયેલા ડિરેકટર્સની બેઠક બેંક ખાતે જ યોજાઈ હતી. જેમાં ચેરમેન વા. ચેરમેન અને અન્ય હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ બેઠકમાં સર્વાનુમતે નાગરિક સહકારી બેંકના ચેરમેન પદે વિપુલભાઈ ગાંધી, વા. ચેરમેન પદે જયેશભાઈ શાહ, મેનેજંગ ડિરેકટર પદે પરેશકુમાર શાહ, જો.મે. ડિરેકટર પદે ભાવિક શાહની વરણી કરવામાં આવી હતી. સૌ ડિરેકટર્સે વરણીપામેલા હોદ્દેદારોને અભિનંદન પાઠવ્યા હતા.

# માલપુર તાલુકા કોંગ્રેસે તાલુકાના રૂંધાતા વિકાસ મામલે કલેક્ટરને આવેદન પત્ર પાઠવ્યુ

મોડાસા, તા. ૧૭

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા ગતિશિલ ગુજરાતની જોર-શોરથી


(તસવીર : જય અમીન, મોડાસા)

જાહેરાતો અને પ્રચાર કરવામાં આવે છે. ત્યારે અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકામાં તાલુકા મથકે અનો અન્ય જગ્યાઓએ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓની અડધોઅડધ ઘટ હોવાથી માલપુર તાલુકો અધોગતિ તરફ પ્રયાણ કરી રહ્યો હોવાથી અને તાલુકાના પ્રજાજનોને સરકારી કામકાજમાં વારંવાર પડતી મુશ્કેલીઓને વાચા આપવા માટે માલપુર તાલુકા કોંગ્રેસ સમિતિએ અરવલ્લી જિલ્લા કલેકટરનો આવેદનપત્ર આપ્યું હતું.

માલપુર તાલુકામાં મોટાભાગની કચેરીઓ ચાર્જમાં જ ચાલે છે. માલપુર તાલુકામાં મામલતદાર સિવાય કોઈ જ અધિકારી સમયસર તાલુકામાં આવેલી સરકારી કચેરીઓમાં જોવા મળતા નથી. તેમજ પ્રજાને ઉપયોગી એવી મહત્વની કચેરીઓના અધિકારીઓ જેવા કે તાલુકા વિકાસ અધિકારી, નાયબ તાલુકા વિકાસ અધિકારી, બાળ વિકાસ અધિકારી, પોલીસ સબ ઈન્સ્પેક્ટર, ખેતી વિકાસ અધિકારી, નાયબ કાર્યપાલક ઈજનેર જેવી મુખ્ય અને મહત્વની સરકારી કચેરીઓ ચાર્જમાં ચાલી રહી છે. જ્યારે માલપુર તાલુકામાં સમાવિષ્ટ ૩૯ ગ્રામ પંચાયતો સામે ફક્ત ૧૬ જ તલાટીઓ છે.

માલપુર તાલુકાના કોંગ્રેસ પ્રમુખ સુરેન્દ્રસિંહ રાઠોડના જણાવ્યા અનુસાર માલપુર તાલુકામાં અધિકારીઓ અને કર્મચારીઓની ઉપણના લીધે તાલુકાનો વિકાસ મંદ પડી ગયો છે. જ્યારે તાલુકાના પ્રજાજનો સરકારી કામકાજ અર્થે માલપુર આવતા હોય છે. ત્યારે જે તે સરકારી કચેરીમાં અધિકારીઓજ મળતા ન હોવાથી તાલુકાના પ્રજાજનોનો સમય અને નાણાનો વ્યય થાય છે. ત્યારે ગુજરાત રાજ્ય સરકાર દ્વારા તાલુકામાં ખાલી પડેલી સરકારી અધિકારીઓ અને કર્મચારીઓની જગ્યાઓ સત્વરે ભરવામાં આવે તેવી માંગ કરી હતી.

# ભકિતપુરા ગામે મોટા ખાડામાંથી શંકાસ્પદ ઈસમ મળી આવ્યો

હરસોલી, તા.૧૭

કઠવાડા નજીક આંબા હોટલ પાસે માર્ગની પાસે પડેલા મોટા ખાડામાં



કોઈ અજાણ્યો ઈસમ પડી રહ્યો હતો. સ્થાનિક ગ્રામજનોને જાણ થતા તેઓએ આ શંકાસ્પદ ઈસમને પોલીસ હવાલે કર્યો હતો. આ ઈસમ મરાઠી અને તમીલ ભાષા જાણે છે. પોલીસે આ ઈસમની વધુ પુછપરછ હાથ ધરી છે.

# પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં બંધ બારણે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

## ડોકટરો, વકીલો, પત્રકારો, પ્રતિષ્ઠિત નાગરિકો, અગ્રણીઓ બાકાત

પ્રાંતિજ, તા.૧૭

પ્રાંતિજમાં મુસ્લિમ બિરાદરોનો રમઝાન માસ પુર્ણ થવાને આરે છે ત્યારે ઈદ નિમિત્તે સુલેહ અને શાંતિના માહોલમાં ઉત્સવ ઉજવણી થઈ શકે તે માટે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં અમુક જ નામચીન ચહેરાઓ વચ્ચે બંધ બારણે શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ ખાતે પ્રાંતિજ પોલિસ સ્ટેશનના પીએસઆઈ આર.આર. દેસાઈ અને એસ.પી. પ્રવીણમાલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો પણ દર વર્ષ કરતા આ વર્ષે જાણે બેઠક બોલાવા પુરતી બોલાવવામાં આવી હોય તેમ બંધ બારણે બેઠક યોજાઈ ગઈ. જેમાં શાંતિ દૂત એવોર્ડ વિજેતા રઈશભાઈ કસ્બાતી ન.પા. પ્રમુખ ગીરીશભાઈ, માજી પ્રમુખ નિત્યાનંદભાઈ સહિતના જ આગેવાનોને જ આમંત્રણ આપવામાં આવ્યું હતું જયારે ગામના અન્ય આગેવાનો કે ડોકટરો, વકીલો કે પત્રકારો કે પ્રતિષ્ઠિત નાગરિકોને બાકાત રખાયા હતાં. જેથી શહેરના કેટલાક નાગરિકોમાં અસંતોષની લાગણી ફેલાઈ છે.

# ખેડબ્રહ્મામાં ભગવાન આજે ભક્તોને દર્શન આપવા નીકળશે

## રથયાત્રામાં ટ્રેક્ટર-ઘોડા તથા શણગારેલા ઢોલ સાથે વનવાસી ભાઈઓ આકર્ષણનું કેન્દ્ર

ખેડબ્રહ્મા, તા. ૧૭

ખેડબ્રહ્માના રાધાકૃષ્ણ મંદિરમાંથી નીકળનારી રથયાત્રાની ઠાકોર મંદિર ટ્રસ્ટ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. જે અંતર્ગત શનિવારે સવારે ૮.૩૦ વાગે જગન્નાથજીની રથયાત્રા રાધાકૃષ્ણ મંદિરમાંથી નીકળી જુની પોસ્ટ ઓફીસ, પટેલફળી બ્રહ્માજી ચોક, બસસ્ટેન્ડ, હનુમાનજી મંદિર, શ્રીયાદેવીચોક થઈ બપોરે હસમુખલાલ તુલસીદાસ મોદીના નિવાસસ્થાને વિસામો કરશે જ્યાં મામેરૂ ભરાયા બાદ પૂજા-અર્ચના અને આરતીનો કાર્યક્રમ યોજાશે. ભક્તો મહાપ્રસાદ લીધા બાદ રથયાત્રા સ્ટેટ હાઈવે-સુથાર ફળીમાં થઈ નીજ મંદિરમાં સાંજે પરત ફરશે.


(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

આ પ્રસંગે રથયાત્રાના રૂટ પર સ્વાગત તથા નાસ્તા-ઠંડા પીણાનો ભક્તો દ્વારા સ્ટોલ લગાવવામાં આવ્યા છે. રથયાત્રા દરમિયાન ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. પી.એસ.આઈ. એલ.પી. બોડાણાના જણાવ્યા અનુસાર એસઓજીના પી.આઈ.ના માર્ગદર્શન હેઠળ ૧૫ જવાનો રથયાત્રાનું ખાસ નિરિક્ષણ રાખશે. આ ઉપરાંત ૪૦ પોલીસ જવાનો, ૩૫ હોમગાર્ડને તૈનાત કરવામાં આવશે. ખેડબ્રહ્મા એસ.ડી.એમ. સકસેનાએ રથયાત્રાના રૂટનું શુક્રવાર સાંજે નિરીક્ષણ કર્યુ હતું.

# પુંસરીથી ઘરે પરત જવા નિક્ળેલ યુવતી લાપતા

તલોદ, તા. ૧૭

તલોદના પુંસરી ગામની ૨૫ વર્ષીય યુવતી ૨૫ દિવસ અગાઉ બિમાર માની ખબર કાઢવા રોજડ જવા નીકળી હતી જે આજ દિન સુધી પરત ન આવતા પરિવારજનો ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે અને આ ગુમ યુવતીની તલોદ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી જે મામલે પોલીસે શોધખોળ હાથ ધરી છે. તલોદ તાલુકાના પુંસરી ગામે કાન્તીલાલ ખોડાભાઈ સોલંકી પોતાના પરિવાર સાથે રહે છે. ગત ૨૨મી જુલાઈ-૨૦૧૫ ના રોજ કાન્તીભાઈની ૨૫ વર્ષીય દીકરી ચેતનાબેન સોલંકી બિમાર માતાના ખબરઅંતર પુછવા રોજડથી પુંસરી આવી હતી અને તેજ દિવસે સાંજે પાંચેક વાગે પુંસરીથી રોજડ જવા નીકળી હતી. પરંતુ યુવતી આજ દિન સુધી પરત આવી નથી. આ મામલે યુવતીના પિતાએ તલોદ પોલીસ મથકમાં યુવતીના ગુમ થવાની ફરિયાદ નોંધાવી હતી. યુવતીએ શરીરે લીલા રંગનો પંજાબી ડ્રેસ પહેરેલો છે. તેની ઊંચાઈ પાંચ ફૂટ અને શરીરે પાતળા બાંધાની છે. પોલીસે ગુમ યુવતીની ફરિયાદ નોંધી તેની વધુ શોધખોળ હાથ ધરી છે.

# ઉનાવા ગામે ઉધાર આપવાની ના પાડવા બાબતે થયેલ અથડામણમાં ૯ શખ્સોની ધરપકડ

ઊંઝા,તા. ૧૭

બે દિવસ પૂર્વે ઊંઝા નજીકના સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ ઉનાવા ગામે મેઈન બજારમાં એક પાનના ગલ્લા પર દુકાનદારે ઉધાર પાનમસાલો આપવાનો ઈનકાર કરતાં મામલો બિચક્યો હતો અને મુસ્લિમોના બે જૂથો સામસામે આવી જતાં હિંસક અથડામણ થઈ હતી.

આ દરમિયાન ખાનગી ગોળીબાર, પથ્થરમારો, છૂટી બાટલીઓ ફેંકાતા લગભગ દસેક જેટલા વ્યક્તિઓ ઘાયલ થયા હતા.

ઉપરોક્ત બાબતે બન્ને પક્ષો સામસામે ફરિયાદો નોંધાઈ હતી. જેમાં પઠાણોની ફરિયાદના અનુસંધાનમાં પોલીસે તપાસ દરમિયાન હાલ સાત શખ્સોની ધરપકડ કરી છે. ધરપકડ કરાયેલામાં સૈયદ અસીમઅલી અયાજમીયાં નિઝામુદ્દીન, મહેફુસઅલી અયાજમીયાં નિઝામુદ્દીન સૈયદ, સૈયદ વાજીદઅલી વારીસઅલી, તાહીરઅલી યાકુબમીયાં સૈયદ, જહાંગીરઅલી રીયાઝમીયાં યુસુફમીયા, નવાઝશરીફ શાહબુદ્દીન પન્નુમીયાં સૈયદ, ફીરદોસઅલી અનવરમીયાં સૈયદનો સમાવેશ થાય છે.

જ્યારે સૈયદોની ફરિયાદના સંદર્ભમાં નોંધાયેલ ગુના અંગે પોલીસે ઈમરાનખાન અહેમદખાન પઠાણ અને મહોસીનખાન દિલાવરખાન પઠાણની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

યાત્રાસ્થળ અને સંવેદનશીલ ઉનાવા ગામે મુસ્લિમોના બે જૂથો વચ્ચે થયેલ હિંસક અથડામણ બાદ ઓછી સંખ્યા ધરાવતા પઠાણોના પરિવારો ગામમાંથી હિજરત કરી ગયા હોવાનું ચર્ચાય છે. હાલ પઠાણનો મહોલ્લો સુમસામ ભાસી રહ્યો છે. મુસ્લિમ વિસ્તારમાં પોલીસનો બંદોબસ્ત ગોઠવાયેલ છે. જેથી પરિસ્થિતિ શાંત અને નિયંત્રણ હેઠળ છે. પરંતુ અંદર ખાનગી ભારેલા અગ્નિ જેવી સ્થિતિ હોવાનું કહેવાય છે.

# મહેસાણા જિલ્લા પંચાયત દ્વારા પદાધિકારીઓનો સન્માન સમારોહ યોજાશે

મહેસાણા, તા. ૧૭

મહેસાણા જિલ્લા પંચાયત દ્વારા



પંચાયત પદાધિકારીઓનો સન્માન સમારંભ કાર્યક્રમ ૧૯ જુલાઈ ૨૦૧૫ના રોજ સવારે ૯.૦૦ કલાકે દૂધ સાગર ડેરી હોલ મહેસાણા ખાતે યોજાનાર છે. આ કાર્યક્રમની માહિતી આપવા માટે જિલ્લા પંચાયત પ્રમુખ જે.એલ. પટેલના અધ્યક્ષ સ્થાને પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી.

આ પ્રસંગે પત્રકારશ્રીઓને સંબોધતા જિલ્લા પંચાયત પ્રમુખ જે.એલ. પટેલે જણાવ્યું હતું કે રાજ્યમાં પંચાયતી રાજની શરૂઆત ૧ એપ્રિલ ૧૯૬૩થી થયેલ છે. પંચાયતી રાજ સંસ્થાઓ દ્વારા ગ્રામીણ વિકાસ અને લોક કલ્યાણની વિવિધ પ્રવૃત્તિઓ અમલવારી થઈ રહી છે. પંચાયતી રાજને સુદ્રઢ અને સફળ બનાવવા માટે પદાધિકારીઓને ફાળો મહત્વ રહ્યો છે. પંચાયતી રાજની શરૂઆતથી માર્ગદર્શક બની રાજ્યના વિકાસમાં પદાધિકારીઓ સહભાગી બન્યા છે. વિકાસમાં શ્રેષ્ઠત્તમ સમય આપનાર આવા પદાધિકારીઓને સન્માન કરવુંએ રાજ્યની શ્રેષ્ઠ પરંપરા યુક્ત આવકારદાયક પહેલ છે તેમ જણાવ્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારી એસ.કે. લાંઘાએ જણાવ્યું હતું કે મહેસાણા જિલ્લામાં પોતાનું અમુલ્ય યોગદાન આપનાર પંચાયત રાજથી અત્યાર સુધીના જિલ્લા પંચાયતના પદાધિકારીશ્રીઓ, ભુતપુર્વ સંસદ સભ્યશ્રીઓ, ભુતપૂર્વ ધારાસભ્યશ્રીઓ, સ્વાતંત્ર્ય સેનાનીઓ અને શતાયુ નાગરીકોનું સન્માન કરવામાં આવનાર છે, આ કાર્યક્રમમાં જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, ગૃહરાજ્ય મંત્રીશ્રી રજનીકાન્ત પટેલ, સંસદીય સચિવશ્રી ભરતસિંહ ડાભી, સાંસદશ્રી જયશ્રીબેન પટેલ સહિત પદાધિકારીઓ ઉપસ્થિત રહેનાર છે.

પંચાયતી રાજના પદાધિકારીઓના સન્માન કાર્યક્રમમાં હયાત માજી ૯ સંસદ સભ્યશ્રીઓ, ૨૩ માજી ધારાસભ્યશ્રીઓ, ૧૨ માજી જિલ્લા પંચાયત પ્રમુખશ્રીઓ, ૧૦૨ હયાત માજી જિલ્લા પંચાયત સભ્યશ્રીઓ તેમજ ૧૪૩ શતાયું નાગરિકો સહિત ૨૯૧ જેટલા મહાનુભાવોનું સન્માન થનાર છે. કાર્યક્રમમાં ૩૯ જિલ્લા પંચાયત સદસ્યશ્રીઓ, ૧૮૯ તાલુકા પંચાયતના સદસ્યશ્રીઓ, ૬૦૧ ગામના સરપંચશ્રીઓ અને ૧૧૦ અન્ય પદાધિકારીઓ સહિત ૯૩૯ અપેક્ષિતિ આમંત્રિતો ઉપસ્થિત રહેનાર છે. પત્રકાર પરિષદમાં જિલ્લા પંચાયત ઉપપ્રમુખ લક્ષ્મીબેન ઠાકોર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક વી.જે. રાજપૂત, નાયબ માહિતી નિયામક પરેશ શાહ સહિત જિલ્લાના અધિકારીઓ અને પત્રકારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ખેડબ્રહ્મામાં મહાપ્રજ્ઞ જન્મજયંતિ ઉજવાઈ

ખેડબ્રહ્મા, તા.૧૭

ખેડબ્રહ્માના તેરાપંથ ભવનમાં મહાપ્રજ્ઞજીની જન્મજયંતિ ઉજવણી સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમણી શ્રધ્ધા પ્રજ્ઞાજી તથા સમણીમુકુલ પ્રજ્ઞાજી તથા સમણી વૃંદનું તેરાપંથી સભા તથા ગ્રામજનો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

તેરાપંથ સમાજના કાર્યકર શંકરલાલ બી. જૈને મહાપ્રજ્ઞજીના જન્મ અને વૈરાગ્યની વિકાસ યાત્રા ની જાણકારી આપી હતી. આ સમારોહના અધ્યક્ષ તરીકે આર.આર. જાની તથા અતિથિ વિશેષ તરીકે હરીહર પાઠક ઉપસ્થિત રહ્યા હતા. સમણી શ્રધ્ધાપ્રજ્ઞજીએ મહાપ્રજ્ઞજીના સંસ્મરણો તાજા કરી જીવનને સાર્થક બનાવવાની પ્રેરણા આપી હતી.

# રમઝાન ઈદની પૂર્વ સંધ્યાએ પણ મોડાસાના બજારો સુમસામ

મોડાસા, તા. ૧૭

મુસ્લીમ સમાજમાં રમઝાન માસ અને રમઝાન ઈદ અનેરૂ મહત્વ ધરાવે છે. મુસ્લીમોની શ્રદ્ધાના સ્ત્રોત સમાન પવિત્ર રમઝાન માસનો છેલ્લો દિવસ એટલે રમઝાન ઈદ આ ઈદમાં મુસલમાન સમાજ ધામધૂમપૂર્વક ઉજવણી કરતો હોવા છતાં મોડાસા શહેરમાં રમઝાન ઈદની ઘરાકી જોવા ન મળતા દુકાનદારોમાં નિરાશા વ્યાપી ગઈ છે.

મોડાસા શહેરમાં રમઝાન ઈદને ગણત્રીનો સમય બાકી રહ્યો હોવા છતાં મોડાસા શહેરના બજારોમાં સૂમસામ નજારો જોવા મળી રહ્યો છે. મોડાસા શહેરમાં રમઝાન માસમાં છેક રાજસ્થાન અને મધ્યપ્રદેશથી કપડા અને માલ-સામાનની ખરીદી કરવા મુસ્લીમ સમાજના લોકો ઉમટી પડતા હોય છે. તદ્ઉપરાંત મોડાસા શહેર અને આજુબાજુના મેઘરજ, માલપુર અને ટીંટોઈ જેવા ગામડાઓમાં મુસલમાનો મોટી સંખ્યામાં હોવા છતાં મોડાસા શહેરમાં ઈદની ઘરાકીનો માહોલ ન જામતા નિરાશા વ્યાપી ગઈ છે. દુકાનદારોમાં જ્યારે મોડાસાના ઢાલગરવાડા તરીકે જાણીતા કડીયાવાડા રોડ પર આર્થિક રીતે નબળા મુસલામાન ભાઈઓ-


(તસવીર : જય અમીન, મોડાસા)

બહેનો માટે ભરાતા બજારોમાં છેલ્લા ત્રણ દિવસથી ખરીદી કરવા કીડીયારૂ ઉભરાયુ હોય તેવો નજારો જોવા મળતો હતો. મોડાસા શહેરના બસસ્ટેન્ડ પાછળ આવેલી નૂર સાગર રેડીમેઈડ શૉ રૂમના માલિક મનોજભાઈના જણાવ્યા અનુસાર ચાલુ સાલે ઈદની ઘરાકી જોઈએ તેટલી જોવા ન મળતાં દુકાનદારોએ નુકસાની ભોગવવાનો વારો આવ્યો છે. જ્યારે મોડાસા શહેરના લોકોએ ઈદની ખરીદી કરવા અમદાવાદ અને સુરત જેવી મેગાસીટીની મુલાકાત લઈ ત્યાંથી ખરીદી કરતા હોવાથી પણ મોડાસા શહેરના શૉ રૂમમાં અને દુકાનોમાં ગ્રાહકો ઓછા જોવા મળી રહ્યા છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦